ગાંધીનગરસમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૫ ટકા

# આજથી શહેરમાં ઉત્સવનો માહોલ

## એક, બે, ત્રણ, ચાર ગણપતિનો જય જય કાર, પાંચ, છ, સાત, આઠ ગણપતિ હમારે સાથ



### ગણેશજીના કેટલાક નારાઓ જે બોલવાની અને બોલાવવાની ખૂબ જ મજા આવશે

- ટ્વિન્કલ ટ્વિન્કલ લિટલ સ્ટાર ગણપતિ બાપા સુપર સ્ટાર
- એક, બે, ત્રણ ચાર ગણપતિનો જય જયકાર, પાંચ, છ, સાત, આઠ ગણપતિ હમારે સાથ
- પંખો ફરે ઉપર ગણપતિ બાપા સુપર
- સેન્ટર ફ્રેશ ચિંગમ ગણપતિ બાપા સિંઘમ
- ચાઈના હોય કે કોરિયા... ગણપતિ બાપા મોરિયા...
- એક ગાર્ડ બે ગાર્ડ... ગણપતિ બાપા બોડીગાર્ડ...
- ગરમ ગરમ ગોટા ગણપતિ બાપા મોટા
- તપેલીમાં શિરો ગણપતિ બાપા હીરો
- લાલ ફૂલ લીલુ ફૂલ ગણપતિ બાપા બ્યુટીફૂલ
- ગલી ગલીમાં નારા છે ગણપતિ બાપા અમારા છે
- એક ગ્લાસ બે ગ્લાસ ગમપતિ બાપા ફર્સ્ટક્લાસ
- એક ગલી બે ગલી ગણપતિ બાપા બાહુબલી
- વીડીયોકોન, સેમસંગ ગણપતિ બાપા હેન્ડસમ
- ગરમ જલેબી ફાફડા ગણપતિ બાપા આપણા
- ૧ સીંગ ૨ સીંગ ગણપતિ બાપા સુપરકિંગ
- ઈસ્ટ ઓર વેસ્ટ ગણપતિ બાપા બેસ્ટ



ગાંધીનગર, તા. ૩૦


દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરીજનો જે ઉત્સવની આતરુતાથી રાહ જોઈ રહ્યા હતા એ ગણેશ ઉત્સવનો પ્રારંભ થી ગયો છે. ૧૦ દિવસનો આ ઉત્સવ શહેરમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે. ગણેશ પ્રતિમાનું શહેરમાં ઘરે ઘરે ભવ્ય સ્થાપન કરવામાં આવશે. ઢોલ-નગારા અને ડીજેના નાદ સાથએ ગણેશજીનું સ્થાપન કરાશે. દસેય દિવસશ શહેરમાં ભક્તિમય માહોલ જામશે. શહેરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, રાસ-ગરબા, સંગીત સંધ્યા સહિતના અલગ-અલગ કાર્યક્રમો યોજાવાના છે. શહેરીજનો આ વર્ષે ગણેશજીના ઉત્સવની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા જેનો અંત આવ્યો છે અને શહેર આખુ ગણેશજીની ભક્તિમાં તરબોળ બની જશે. નાના બાળકોથી લઈ સિનિયર સિટીઝનો તમામ દ્વારા ગણપતિ દાદાની ભક્તિ ઉત્સાહપૂર્વક કરાશે. વેપારીઓ પણ ગણેશજીની મૂર્તિઓના વેચાણમાં સારી એવી ઘરાકી થતા આનંદમાં જોવા મળી રહ્યા છે. આમ આ વર્ષે ગણેશ ઉત્સવ શહેરમાં જોવાલાયક બનશે. ગણેશ ચતુર્થીના આગલા દિવસે બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી. ગણેશજીની મૂર્તિઓ લેવા માટે ભારે પડાપડી થઈ હતી. છેલ્લા દિવસે મૂર્તિઓની ખરીદી વધારે થઈ હતી. પૂજાપાની લારીઓ ઉપર પણ અઢળક જમાવડો જોવા મળ્યો હતો. માટીની મૂર્તિઓનું વેચાણ રંગીન મૂર્તિઓ કરતાં વધારે થયું હતું. નાના-નાના ગણેશજીની મુર્તિઓ વધારે પ્રમાણમાં વેચાઈ હતી. આ ઉપરાંત પ્રસાદ માટે ગણેશજીને ભાવતાં મોદક, બુંદીના લાડુ, ફળફળાદીમાં તેજીનો માહોલ વર્તાયો છે. ફરસાણની દુકાનોમાં અગાઉથી બુકીંગ થઈ ગયા છે. વેપારીઓ મીઠાઈની તૈયારીઓમાં વ્યસ્ત બની ગયા છે. મોંઘવારીની અસર છતાં મીઠાઈની ખરીદીમાં લાઈનો લાગશે તેવું વેપારીઓએ જણાવ્યું હતું. ફુલોની લારીઓમાં પણ વેપારીઓએ અઢળક ફુલોના ઢગલાં કરી દીધા છે. ફુલોના હારની ખરીદી પણ ભક્તો દ્વારા કરવામાં આવી રહી છે. આ વર્ષે તહેવારોની મોસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે અને શહેરીજનો ઉત્સાહપૂર્વક તહેવારો માણી રહયા છે.

## જન્મદિને વધામણી


દક્ષરાજસિંહ અંબુસિંહ ગોલ


અદિશ્રી અર્પિત જોશી


નમ્રતા સી શુક્લ


સ્મિતા રાજેશકુમાર દુલેરા


નરસિંહ પરમાર

## ઈન્ફો કીડ્સ જુનિયર સ્કૂલ ખાતે ગણેશ ચતુર્થીની ઉજવણી



ઈન્ફો કીડ્સ પ્રિ. સ્કૂલ ખાતે ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને શિક્ષકોએ યોગ્ય માર્ગદર્શન પણ પુરૂ પાડ્યું હતું.

## લિયો કલબ ગાંધીનગર દ્વારા અંધશાળામાં રાત્રી ભોજન




ગાંધીનગર, તા.૩૦

લિયો ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા અંધશાળા-છાત્રાલય, સેકટર-૧૬નાં વિદ્યાર્થીઓ માટે રાત્રિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. લિયો ક્લબ ઓફ ગાંધીનગરના સભ્યો દ્વારા તેમના જન્મદિવસના મહિનામાં સેવાકીય પ્રવૃત્તિ કરવાનો નિર્ધારિત કરવામાં આવ્યું હતું, એના ભાગરૂપે લિયો ડો. ધ્વનિ ભટ્ટ દ્વારા આ કાર્યક્રમ સ્પોન્સર કરવામાં આવ્યો હતો. લિયો ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ કરણ વિનોદ માનિક દ્વારા અંધશાળા-છાત્રાલયના મેનેજમેન્ટનો આભાર માનવામાં આવ્યો હતો. આ પ્રસંગે પીપી. રિકિન આચાર્ય, સેક્રેટરી રત્ના માનિક અને મોટી સંખ્યામાં લિયો મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

## સરસ્વતી વિદ્યાલય ખાતે ગણેશ ચતુર્થીની ઉજવણી




ગાંધીનગર, તા.૩૦

સેકટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં વાર તહેવારને અનુરૂપ વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. જેના અનુસંધાને ગણેશ ચતુર્થી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ફુલ, રંગ અને કઠોળનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારની રંગોળી બનાવી હતી. તાલીમાર્થી શિક્ષકો કૌશલભાઈ, પીનલબેન, નીરાલીબેનના માર્ગદર્શન હેઠળ રંગોળી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા દ્વારા રંગોળીને બિરદાવવામાં આવી હતી. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે સ્પર્ધાના આયોજન માટે તાલીમાર્થી શિક્ષકો તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા નેત્ર નિદાન યજ્ઞ યોજાયો




ગાંધીનગર, તા.૩૦

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર અને લાયન્સ કર્ણાવતી આંખની હોસ્પિટલના સહયોગથી લાયન વર્ષ ૨૦૨૨-૨૩ના ત્રીજા નેત્ર નિદાન અને ડાયાબીટીસ તપાસ તેમજ અવેરનેસ કેમ્પનું આયોજન કમલાદેવી ગયાન પોષન ફાઉન્ડેશનના સૌજન્યથી ગાંધીનગર તાલુકાના વાસણા રાઠોડ દેહગામ ગામ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૧૭૮ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી, જેમાં ૧૦૯ લાભાર્થીઓને રાહત દરે ચશ્મા વિતરણ, ૬ મોતિયાના દર્દી જણાઈ આવેલ છે તેમાંથી ૩ મોતિયાના ઓપરેશન ૨ વેલના ઓપરેશન કરવામાં આવેલ છે. એનસીડીસેલ સીવીલ હોસ્પિટલ ગાંધીનગરના સહયોગથી ૯૮ જેટલાં દર્દીઓની બ્લડ પ્રેશર તેમજ ડાયાબિટીસની તપાસ કરી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ હતું.

## એસ.કે.પટેલ ઈંગ્લીસ મીડીયમ સ્કુલ દ્વારા કંટ્રી ડેની ઉજવણી



ગાંધીનગર, તા.૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ કે.જી.ઈંગ્લીસ મીડીયમ સ્કુલમાં કંટ્રી ડે સેલીબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં નાના ભુલકાં અલગ અલગ દેશની વેશભૂષા ધારણ કરીને અને તેમના દેશની વિશેષતા, ત્યાંનું ફુડ, ફેમશ પ્લેસ કયુ, પહેરવેશ કયો તે વિશેની વાતો કરી હતી.

## શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા સામવેદી શ્રાવણીની ઉજવણી



ગાંધીનગર, તા.૩૦

શ્રીમાળી બ્રાહ્મણ સમાજના સામવેદની બ્રાહ્મણો ભાદરવા સુદ બીજના દિવસે હસ્ત નક્ષત્રમાં નૂતન યજ્ઞોપવિત ધારણ કરે છે. નૂતન યજ્ઞોપવીત ધારણદિને ૨૦થી વધુ વિપ્રોએ ભાગ લીધો હતો. વિપ્રબટુકથી માંડીને વયોવૃદ્ધ સુધીના વિપ્રોએ આ કાર્યક્રમમાં હોંશભેર, શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ વૈજનાથ મહાદેવ મંદિર ખાતે યોજવામાં આવ્યો હતો. તેમજ સમાજની બહેનો દ્વારા પણ કાર્યક્રમને સુચારુ બનાવવા માટે વિશિષ્ટ યોગદાન આપવામાં આવ્યું હતું.

## આજથી દિગંબર જૈન પર્યુષણ મહાપર્વનો પ્રારંભ

પ.પૂ.આચાર્યશ્રી ૧૦૮ ચંદ્રસાગરજી મહારાજ સંસઘ ના સાનિધ્ય માં તા.૩૧/૮/૨૨ ને બુધવારથી તા.૯/૯/૨૨ ને શુક્રવાર સુધી ૧૦૦૮ શ્રી મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ મનાવવામાં આવશે. જેમાં સવારે ૫:૦૦ વાગ્યે સામાયિક, સવારે ૬:૦૦ વાગ્યેથી અભિષેક, નિત્ય નિયમ પૂજા, દશ લક્ષણ ધર્મનું વિધાન, સવારે ૧૦:૦૦ વાગ્યે આહાર ચર્યા, બપોરે ૨:૦૦ વાગ્યે તત્વાર્થ સુત્રનું વાંચન, સાંજે ૬:૦૦ વાગ્યે પ્રતિક્રમણ, સાંજે ૭:૦૦ વાગ્યે આરતી, સાંજે ૮:૦૦ વાગ્યે પ્રવચન, રાત્રે ૯:૦૦ વાગ્યેથી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેનો સર્વે ધર્મપ્રેમીઓને લાભ લેવા જણાવાયું છે.

## એવીવી સ્કૂલમાં કહાનીયા મમ્મી કી ઝુબાની કાર્યક્રમ



વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં કહાનીયા- મમ્મી કી ઝુબાની કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વાર્તાના શબ્દો અને વાક્યોનો વૈભવ બાળકોને ભાષાકીય રીતે તથા કલ્પના શક્તિની દ્રષ્ટિએ સમૃદ્ધ બનાવે છે. અને એ વાર્તા પણ જો માતા ના મુખેથી સાંભળવા મળે તો તેનો આનંદ અનેરો જ હોય છે. તો આવો જ સુંદર મજાનો એક કાર્યક્રમ વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ માં યોજવામાં આવેલ હતો.આ પ્રવૃતિ શિક્ષકો અને વાલીઓ વચ્ચેના અંતરને દૂર કરવા અને વિદ્યાર્થીઓને તમામ કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા માટે યોજવામાં આવી હતી. શાળા માટે આ એક અલગ અને આનંદદાયક દિવસ હતો. જેમાં વાર્તાને અનુરૂપ પ્રાણીઓ કે પક્ષીઓના પ્રોપ્સ, વિવિધ પ્રાણી તથા પક્ષીના અવાજ અને સાથે સાથે ખૂબજ રસપ્રદ એવી મમ્મીઓની કહાની માતાઓ દ્વારા કહેવામાં આવી હતી તો આવા જ સુંદર સુમેળથી બાળકોને મમ્મીઓ દ્વારા વાર્તા કહેવામાં આવી હતી. જેમાં દરેક બાળકની માતાએ પોતાની આગવી શૈલીમાં વાર્તા રજૂ કરી હતી.

## એસ.વી.સ્કૂલમાં 'રેઈનબો ડે'ની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'રેઈનબો ડે'ની ઉજવણી થઈ ગઈ, જેમાં શાળાના નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે.જી. ના બાળકો ઈંદ્રધનુષના સાત રંગો પ્રમાણે અવનવી રંગીન વસ્તુઓ લઈને શાળામાં આવ્યા હતા. વાલીઓએ બાળકો સાથે ઈંદ્રધનુષના મોડેલ, ચાર્ટ, સપ્તરંગી તોરણ, સપ્તરંગી છત્રી, રેઈનકોટ વગેરે મોકલી પોતાનો અમૂલ્ય સહયોગ આપ્યો હતો. શાળા દ્વારા કૃત્રિમ વરસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં બાળકોએ 'Rainy Song' ઉપર રેઈનકોટ પહેરી, મન ભરીને ડાંસ પણ કર્યો હતો. શિક્ષિકાઓએ પણ ઈંદ્રધનુષના સાત રંગો મુજબ વસ્ત્રો પરિધાન કરી, ઈંદ્રધનુષનું સર્જન કરી, અદભૂત માહોલ ઉભો કર્યો હતો.

## સરકારી વાણિજય કોલેજ ખાતે કાનુની શિક્ષણ શિબિર




ગાંધીનગર, તા.૩૦

સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ખાતે જીલ્લા સેવા સત્તા મંડળ દ્વારા કાનૂની સેવાઓ બાબતની જાગૃતિ ફેલાય તે હેતુસર કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત સરકારી વકીલ દુર્ગેશભાઈ હિરણપુરીયા, પી.એલ.વી.જી. ગાંધીનગરના સભ્યો મનિષાબેન ત્રિપાઠી, કુસુમબેન જોશી, જયરામભાઈ સોની, પ્રવીણભાઈ બરોલીયા, જીમિત ત્રિવેદી, વિનોદભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ મહિલા જાગૃતિ, સ્ત્રીઓના હક્કો અને કાયદાઓ, સાયબર ક્રાઈમ વગેરે ઉપર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધેલ હતો.